પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 26-11-2026 **Midday: 1.20 TO 1.30**
Day: THURSDAY **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****

1. દેશમાં આજે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને બંધારણની ભાવનાને જાળવી રાખવા અને 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે સહિયારા પ્રયાસો આદવા હાકલ કરી.
3. નેપાળમાં તાજેતરના પ્રચંડ પૂરમાં ગુમ થયેલા ભારતીયોને મૃત જાહેર કરવાની નેપાળ સરકારે પ્રક્રિયા શરૂ કરી.
4. મુંબઇના 26-11ના આતંકવાદી હુમલામાં આંતકવાદીઓ સામે બહાદુરીથી લડીને પોતાનું બલિદાન આપનારા તમામ લોકોને શ્રધ્ધાંજલી અર્પી.
5. ગોવામાં ચાલી રહેલા આંતર રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં IFFI ખાતે WAVES ફિલ્મ બજારમાં 54 દેશોમાંથી 2,288 પ્રતિનિધિઓ સહભાગી બન્યા
6. પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી-ફાઇનલમાં આજે ભારત-Aનો મુકાબલો શ્રીલંકા-A સામે થશે

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

CONSTITUTION DAY CELEBRATIONS -2

1949માં આજના દિવસે બંધારણ સભા દ્વારા ભારતના બંધારણને અપનાવવાની યાદમાં આજે બંધારણ દિવસ (સંવિધાન દિવસ) ઉજવવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગને ઉજવવા માટે સરકારના મંત્રાલયો અને વિભાગો , રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો , સ્વાયત્ત સંસ્થાઓ અને સંસ્થાઓ દ્વારા દેશભરમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને બંધારણની ભાવનાને જાળવી રાખવા અને 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે સામૂહિક રીતે કામ કરવા હાકલ કરી છે.

BYTE: PM MODI

અંગ્રેજી અને હિન્દીમાં દૈનિક અખબારોમાં પ્રકાશિત એક લેખમાં પ્રધાનમંત્રીએ 1949માં બંધારણ અપનાવવાની ઘટનાને યાદ કરી અને રાષ્ટ્રીય પ્રયાસોમાં ભારતને પ્રથમ સ્થાન આપવા વિનંતી કરી.

LAW MINISTER - OP ED

કાયદા અને ન્યાયમંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે , લોકો વિકસિત ભારતનું નિર્માણ કરી રહ્યા છે , ત્યારે બંધારણએ માર્ગદર્શક કંપાસ રહે છે. બંધારણ દિવસ નિમિત્તે, શ્રી મેઘવાલે એક લેખ લખ્યો હતો જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નક્કર પગલાં દ્વારા બંધારણીય આદર્શોને જીવંત વાસ્તવિકતાઓમાં કેવી રીતે રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં , બંધારણીય સુધારાઓ દ્વારા સામાજિક અને આર્થિક સમાનતાના આદર્શોને આગળ ધપાવ્યા છે.

NEPAL

નેપાળ સરકારે આ વર્ષે 26 ઓગસ્ટના રોજ ત્રિશુલી-ભોટે કોશી નદીમાં આવેલા અચાનક પૂર દરમિયાન ગુમ થયેલા 213 ભારતીય નાગરિકોને મૃત જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

સાંભળીએ એક અહેવાલ.....

VC: ARVIND JAIN

TERRORIST ATTACK

2008ના 26/11ના રોજ મુંબઇમાં થયેલા આતંકવાદી હુમલાની આજે વરસી છે - આજના દિવસે હુમલાના 18 વર્ષ પૂર્ણ થયા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે 2008માં 26/11ના મુંબઈ આતંકવાદી હુમલા દરમિયાન બહાદુર સૈનિકો, પોલીસ કર્મચારીઓ અને આતંક સામે નિર્ભયતાથી ઉભા રહેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આજે **2008**માં થયેલા **26/11**ના મુંબઈ આતંકવાદી હુમલા સામે લડનારા નિર્દોષ લોકોના જીવ ગુમાવનારા અને બહાદુર સુરક્ષા કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , ઉપરાષ્ટ્રપતિએ બહાદુર સુરક્ષા કર્મચારીઓના અપ્રતિમ સાહસ અને સર્વોચ્ચ બલિદાનને સલામ કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 26/11 હુમલામાં બલિદાન આપનાર તમામ લોકોને શ્રદ્ધાંજલિ અર્પી.

SHIVRAJ- FOODGRAIN PRODUCTION

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે માહિતી આપી કે ભારતે **2025-26**માં **378** મિલિયન ટનથી વધુનું ઐતિહાસિક ખાદ્યાન્ન ઉત્પાદન હાંસલ કર્યું છે. જે ગયા વર્ષ કરતાં **208** લાખ ટનનો વધારો થયો છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ચૌહાણે ભાર મૂક્યો કે ભારતે સતત બીજા વર્ષે ચોખાના વિશ્વમાં અગ્રણી ઉત્પાદક તરીકેનું સ્થાન જાળવી રાખ્યું છે. તેમણે નોંધ્યું કે ચોખાનું કુલ ઉત્પાદન **155** મિલિયન ટનથી વધુ થયું છે, જે પાછલા વર્ષની સરખામણીમાં **49.70** લાખ ટનથી વધુ છે.

ઘઉંના ઉત્પાદન અંગે મંત્રીએ જણાવ્યું હતું કે ભારતે લગભગ **122** મિલિયન ટનથી વધુના રેકોર્ડ ઉત્પાદન સાથે વૈશ્વિક સ્તરે પોતાનું બીજું સ્થાન જાળવી રાખ્યું છે. કઠોળનું ઉત્પાદન વધીને આશરે **272** લાખ ટન થયું છે , જે ગયા વર્ષે લગભગ **256** લાખ ટન હતું.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર "મનકી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે.

લોકો ટૉલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઑપન ફૉરમ દ્વારા ઑનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકશે.

આ સૂચનો મોકલવાનો આવતીકાલ અંતિમ દિવસ છે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

INDIA - VENICE ART BIENNALE

કલા જગતના ઓલિમ્પિક્સ તરીકે ઓળખાતા વેનિસ આર્ટ બિએનલેમાં શ્રેષ્ઠ રાષ્ટ્રીય પેવેલિયન માટે ભારતે વિઝિટર્સ લાયન એવોર્ડ જીત્યો છે.

સાંભળીએ એક અહેવાલ.....

VC: PRACHI

NSE RANKS THIRD LARGEST GLOBALLY

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ વિશ્વનું ત્રીજું સૌથી મોટું લિસ્ટેડ સ્ટોક એક્સચેન્જ બન્યું છે. જર્મનીના ડોઇશ બોઅર્સ અને લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રુપથી તે આગળ નિકળી ગયું છે.

તાજેતરના બજાર આંકડા અનુસાર , NSEનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ 64.1 બિલિયન યુએસ ડોલર છે. તે ડોઇશ બોઅર્સ 63.4 બિલિયન ડોલર અને લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રુપ 62.4 બિલિયન ડોલરથી આગળ છે.

STOCKS 1300

આજે બપોરના સત્ર દરમિયાન બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ અડધા ટકાના વધારા સાથે ટ્રેડિંગ કરી રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 380 પોઈન્ટ જ્યારે નિફ્ટી 90 પોઈન્ટ વધીને કારોબાર કરી રહ્યાં હતા.

ક્ષેત્રીય મોરચે, IT, મેટલ અને રિયલ્ટી વૃદ્ધિમાં આગળ હતા , જ્યારે ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને FMCG નીચા સ્તરે ટ્રેડિંગ કરી રહ્યા હતા.

IFFI 2026 - DAY SEVEN

ગોવામાં ચાલી રહેલા આંતર રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં **IFFI** ખાતે **WAVES** ફિલ્મ બજારમાં 54 દેશોમાંથી 2 ,288 પ્રતિનિધિઓ સહભાગી બન્યા છે. અનેક દેશો સાથે ફિલ્મ નિર્માણ અને એને સંબધિત અનેક સમજૂતી કરાર થવાની શક્યતા દર્શાવી છે.

ગોવામાં પત્રકાર પરિષદને સંબોધતા સૂચના અને પ્રસારણ સચિવ પ્રભાતે જણાવ્યું છે કે ભારત વેવ ફિલ્મ બજારમાં અનેક દેશમાંથી સહયોગ મળી રહ્યો છે.

VOICE CAST: PRBHAT

57મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ઓફ ઇન્ડિયાનો સાતમાં દિવસે રોમાંચક રહ્યો જેમાં રિષભ શેટ્ટીની બહુપ્રતિક્ષિત કન્નડ ફિલ્મ "કંટારા: અ લિજેન્ડ – પ્રકરણ **1** " જેવી પ્રાદેશિક ભાષાની અનેક ફિલ્મોને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા વિભાગમાં મંચ મળી રહ્યું છે.

MEN'S ASIA CUP RISING STARS CRICKET

પુરુષ એશિયા કપ રાઇઝિંગસ્ટાર્સ ક્રિકેટ ટુર્નામેન્ટની સેમી -ફાઇનલમાં આજે ભારત-Aનો મુકાબલો શ્રીલંકા-A સામે થશે. આ મેચ દોહામાં ભારતીય સમય મુજબ બપોરે 3.30 વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ તિલક વર્માની કેપ્ટનશીપમાં રમી રહી છે.

અગાઉ ભારતે UAEને સાત વિકેટે હરાવી સેમી -ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો , જેમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 53 બોલમાં 204 રન ફટકાર્યા હતા.

દરમિયાન પહેલી મેચમાં ભારતે નેપાળને 306 રનથી, જ્યારે બીજી મેચમાં પાકિસ્તાન-A ટીમે ભારતને 48 રનથી હરાવ્યું હતું.